# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-08-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

.....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# STATE RAIN

રાજ્યમાં વરસાદનું જોર ઘટવાની સાથે બપોરે 12 વાગ્યા સુધીમાં 98 તાલુકામાં વરસાદ થયો. સૌથી વધુ સવા એક ઇંચ જેટલો વરસાદ વલસાડના કપરાડા તાલુકામાં નોંધાયો છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 77 ટકા જેટલો વરસાદ થયો. તેમાંથી સૌથી વધુ 81 ટકા જેટલો સરેરાશ વરસાદ દક્ષિણ ગુજરાતમાં વરસ્યો છે. વરસાદને કારણે હાલ રાજ્યમાં 249 માર્ગ વાહનવ્યવહાર માટે બંધ કરાયા છે.

દરમિયાન રાજ્યમાં આજે કચ્છ , સાબરકાંઠા, અરવલ્લી અને મહીસાગરમાં અતિભારે વરસાદની આગાહી છે. જ્યારે બનાસકાંઠા , પાટણ, મહેસાણા, મોરબી, સુરેન્દ્રનગર, ગાંધીનગર, ખેડા, પંચમહાલ, દાહોદ, ભરૂચ, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં ભારે વરસાદની સંભાવના છે. માછીમારોને પણ 25 તારીખ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે.

. . .

# RAGHAVJI PATEL JOB MELO

ગાંધીનગરમાં નગરગૃહ ખાતે આજે જોબ મેળો યોજાયો. દિનદયાળ ઉપાધ્યાય – ગ્રામીણ કૌશલ્ય યોજના અંતર્ગત યોજાયેલા મેળામાં ઉપસ્થિત કૃષિમંત્રી રાઘવજી પટેલે કહ્યું, આ કાર્યક્રમ રોજગારલક્ષી તાલીમ લેનારા યુવાનોને વિવિધ કંપનીઓ દ્વારા રોજગારી પૂરી પાડવા માટેનો છે.

(BYTE: RAGHAVJI PATEL, AGRICULTURE MINISTER)

. . .

# PANCHMAHAL RAJYAPAL

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આજે પંચમહાલના હાલોલમાં ગુજરાત પ્રાકૃતિક ખેતી વિજ્ઞાન વિશ્વ-વિદ્યાલય ખાતે રાજ્યસ્તરની સમીક્ષા બેઠક યોજી. બેઠક પહેલા રાજ્યપાલશ્રીએ વિશ્વ-વિદ્યાલયના સંશોધન ખેતર, નિદર્શન જમીન અને ગૌશાળાની મુલાકાત લીધી. દરમિયાન વિશ્વ-વિદ્યાલયના કુલપતિ ડૉક્ટર સી. કે. ટિંબડિયાએ રાજ્યપાલશ્રીને વિવિધ નિદર્શન જમીન અંગે માહિતી આપી.

. .

# RAJKOT ST BUS DEPO

રાજકોટમાં S.T. બસ ડેપો ખાતેથી આજે સાંસદ પર શોત્તમ રૂપાલા અને ધારાસભ્યોએ સાત નવી AC પ્રીમિયમ લક્ઝરી બસનું પ્રસ્થાન કરાવ્યું. આ તમામ બસથી 16 ફેરા અને ચાર હજાર કિલોમીટરથી વધુનું દૈનિક સંચાલન કરાશે. આ બસ માટે રાજકોટથી ભાવનગરનું ભાડું 304 , રાજકોટથી ઉનાનું ભાડું 544 અને રાજકોટથી દીવનું ભાડું 579 રૂપિયા રહેશે.

. .

# PM MODI AMDAVAD

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 25 ઑગસ્ટે અમદાવાદના પ્રવાસે છે. તેમના સ્વાગત માટે નિકોલમાં ખોડલધામ મેદાનમાં વિશાળ શમીયાણો બાંધવામાં આવ્યો છે. તેમજ શહેરના વિવિધ વિસ્તાર અને બ્રિજને શણગારવામાં આવશે. આ અંગે અમદાવાદ મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના અધ્યક્ષ દેવાંગ દાણીએ વધુ માહિતી આપી.

(BYTE: DEVANG DANI, CHAIRMAN, STANDING COMMITTEE, AMC)

સત્તાવાર યાદી મુજબ , 25 અને 26 ઑગસ્ટે રાજ્યના પ્રવાસ દરમિયાન અમદાવાદ, ગાંધીનગર, મહેસાણામાં વિવિધ વિભાગ હેઠળ કરોડો રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

. . .

# MEHSANA KHARIF PAAK

મહેસાણા જિલ્લામાં ખેડૂતો ખરીફ પાકનું વાવેતરમાં જોતરાયા છે . જિલ્લામાં તલ, મગ, કપાસ, દિવેલા, ઘાસચારો, ડાંગર અને મગફળી જેવા પાકનું બે લાખ 14 હજાર હેક્ટરથી વધુ વાવેતર થઈ ગયું છે.

. .

# DAMAN SBI BANK SHIBIR

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં ભારતીય સ્ટેટ બૅન્ક- S.B.I. દ્વારા લોકોને જાગૃત કરવા શિબિર યોજાઈ. કેન્દ્ર સરકારની વિવિધ નાણાકીય યોજનાઓ સામાન્ય લોકો સુધી સરળતાથી પહોંચાડવા અને સાયબર છેતરપિંડી અંગે લોકોને જાગૃત કરવા પટલારા ગ્રામ પંચાયત ખાતે આ શિબિર યોજાઈ.

કાર્યક્રમમાં અધિકારીઓએ જણાવ્યું , ભારત સરકાર પહેલી જુલાઈથી 30 સપ્ટેમ્બર સુધી દેશભરની તમામ ગ્રામ પંચાયતમાં નાણાકીય જાગૃતિ અને શિબિરનું આયોજન કરી રહી છે. તેનો ઉદ્દેશ વધુને વધુ લોકોને બૅન્કને લગતી સેવાઓ અને યોજનાઓ સાથે જોડવાનો છે. અધિકારીઓએ લોકોને શંકાસ્પદ લિન્ક અને સંદેશાઓથી સતર્ક રહેવા અપીલ કરી.

. . .

# MODHERA SURYA MANDIR

મહેસાણામાં આવેલા મોઢેરાના સૂર્યમંદિર ખાતે આવતીકાલે શ્રાવણ માસના અંતિમ દિવસે લોકમેળો યોજાશે . પ્રવાસન અને પુરાતત્વ વિભાગની સાથે મોઢેરા ગ્રામ પંચાયત દ્વારા લોકમેળા માટેની તૈયારીઓ હાથ ધરાઈ છે . મેળામાં નાના બાળકો માટે મનોરંજનના સાધનો , ચકડોળ, ચકરડીએ અને નાસ્તા માટેની હાટડીઓ બનાવવાની કામગીરી શરૂ થઈ છે.

. . .